Extra No. 51

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXIV ] TUESDAY, MARCH 14, 2023 / PHALGUNA 23, 1944

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-B

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts**

**ENERGY & PETROCHEMICALS DEPARTMENT**

**NOTIFICATION**

Sachivalaya, Gandhinagar, 14th March, 2023

**GUJARAT ESSENTIAL SERVICES MAINTENANCE ACT, 1972.**

**No.GHE/2023-15/GUV-112010-2861-K(Part-II):** WHERE AS, the Government of Gujarat is of the opinion that strike in all employment in industries which generate electricity for the public or transmit or distribute electricity to the public would prejudicially affect the maintenance of public utility services and the maintenance of supply and services essential to the life of community and that such strike would result in the infliction of grave hardship on the community.

NOW, THEREFORE, in exercise of the powers conferred by sub-clause (ii) of clause (a) of sub-section (1) of section 2 of the Gujarat Essential Services Maintenance Act, 1972 (Guj.23 of 1972), the Government of Gujarat hereby declares all employment in industries which generate electricity for the public or transmit or distribute electricity to the public, as well as engaged in trading of electrical power and co-ordination activities, to be an essential service for the purpose of the said Act, for the period of six months from the 14th March, 2023.

By order and in the name of Governor of Gujarat,

**MANOJ PATEL,**
Officer on Special Duty(Power) to Government.

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

**જાહેરનામું**

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી માર્ચ, ૨૦૨૩

**ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ, ૧૯૭૨.**

**નં. ઘઈ/૨૦૨૩-૧૫/જીયુવી-૧૧૨૦૧૦-૨૮૬૧-ક(પાર્ટ-૨):** ગુજરાત સરકારનો એવો અભિપ્રાય થાય છે કે, લોકો માટે વીજળી ઉત્પન્ન કરતા હોય અથવા વીજળીનું પ્રવહન કરતા હોય અથવા જાહેર જનતાને વીજળી વહેંચતા હોય તેવા ઉદ્યોગોમાંના તમામ રોજગારોમાં પડતી હડતાળને લીધે જાહેર ઉપયોગી એવી સેવાઓની જાળવણી તેમજ જાહેર જનતાના જીવનને આવશ્યક પુરવઠા અને સેવાઓની જાળવણી પર પ્રતિકૂળ અસર પડે તેમ છે, અને આવી હડતાળને પરિણામે સમાજ માટે ગંભીર મુશ્કેલી ઉભી થાય તેમ છે.

તેથી, હવે ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ, ૧૯૭૨(ગુજરાત ૨૩/૧૯૭૨) ની કલમ-૨ની પેટા કલમ (૧) ના ખંડ (એ)ના પેટા ખંડ (૨)થી મળેલી સત્તાની રૂએ,

ગુજરાત સરકાર, લોકો માટે વીજ ઉત્પાદન, વીજ પ્રવહન, વીજ વિતરણ, ઉપરાંત ટ્રેડીંગ ઓફ ઈલેકટ્રીકલ પાવર એન્ડ કો-ઓર્ડીનેશન એકટીવીટી કરતા હોય તેવા ઉદ્યોગોમાંના તમામ રોજગારને ઉક્ત અધિનિયમના હેતુઓ માટે તારીખ ૧૪-૦૩-૨૦૨૩ થી છ માસ માટે આવશ્યક સેવા તરીકે જાહેર કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**મનોજ પટેલ,**

સરકારના ખાસ ફરજ પરના અધિકારી(પાવર).

------------

**ENERGY & PETROCHEMICALS DEPARTMENT**

**ORDER**

Sachivalaya, Gandhinagar, 14th March, 2023

**GUJARAT ESSENTIAL SERVICES MAINTENANCE ACT, 1972.**

**No. GHE/2023-16/GUV-112010-2861-K(Part-II):** WHERE AS, the Government of Gujarat is satisfied that in the public interest, it is necessary so to do:

NOW, THEREFORE, in exercise of the powers conferred by sub-section (1) of section 3 of the Gujarat Essential Services Maintenance Act, 1972 (Guj.23 of 1972), the Government of Gujarat hereby prohibits strikes in the essential services declared as such under Government Notification, Energy & Petrochemicals Department, No. GHE/2023-15/GUV-112010-2861-K (Part-II) dated 14th March, 2023 and specified in the schedule appended here to.

**SCHEDULE**

All employment in the industries which generate electricity for the public or transmit or distribute electricity to the public, as well as engaged in trading of electrical power and co-ordination activities.

By order and in the name of Governor of Gujarat,

**MANOJ PATEL,**

Officer on Special Duty(Power) to Government.

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

**હુકમ**

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી માર્ચ, ૨૦૨૩

**ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ, ૧૯૭૨.**

**ક્રમાંક: ઘઈ/૨૦૨૩-૧૬/જીયુવી-૧૧૨૦૧૦-૨૮૬૧-ક(પાર્ટ-૨):** ગુજરાત સરકારને ખાતરી થાય છે કે, જાહેર હિતમાં નીચે પ્રમાણે કરવું આવશ્યક છે.

તેથી, હવે ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ, ૧૯૭૨, (ગુજરાત ૨૩ / ૧૯૭૨) ની કલમ -૩ ની પેટાકલમ(૧) થી મળેલી સત્તાની રૂએ.

ગુજરાત સરકાર, આથી ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના તા.૧૪.૦૩.૨૦૨૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : ઘઈ/૨૦૨૩-૧૫/જીયુવી-૧૧૨૦૧૦-૨૮૬૧-ક(પાર્ટ-૨) અન્વયે, આવશ્યક સેવા તરીકે જાહેર કર્યા પ્રમાણેની અને આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દેશ કર્યા પ્રમાણેની એ આવશ્યક સેવાઓમાં હડતાળની મનાઈ ફરમાવે છે.

**અનુસૂચિ**

જાહેર જનતા માટે વીજ ઉત્પાદન, વીજ પ્રવહન, વીજ વિતરણ, ઉપરાંત ટ્રેડીંગ ઓફ ઈલેકટ્રીકલ પાવર એન્ડ કો-ઓર્ડીનેશન એકટીવીટી કરતા હોય તેવા ઉદ્યોગોમાંના તમામ રોજગાર.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**મનોજ પટેલ,**

સરકારના ખાસ ફરજ પરના અધિકારી(પાવર).

------------

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2023.03.15 19:13:12 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar